પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઈ, ૨૦૨૨, બુધવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તર-મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ

**રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો : ભારે વરસાદની આગાહી : સાબરકાંઠાના પોશિનામાં ૨ ઈંચ, ખેડાના મહેમદાવાદમાં ૨ ઈંચ, કડાણા, અરવલ્લી અને ઈડરમાં ૨ ઈંચ**



અમદાવાદ , તા.૧૯

રાજ્યમાં વરસાદનો જાણે બીજો રાઉન્ડ શરુ થયો હોય તેમ આજે સવારથી જ અમદાવાદ, ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ થયો છે. અમદાવાદમાં સવારથી જ કાળાડિબાંગ વાદળોથી આકાશ ઘેરાયેલું છે, તેમજ આજે પડેલા વરસાદને કારણે પૂર્વ અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા છે. બીજી તરફ, હવામાન ખાતાની આગાહી જણાવે છે કે આગામી ૨૪ કલાક સુધી સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ખાસ કરીને મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, અમદાવાદ તેમજ દક્ષિણ ગુજરાતમાં તોફાની વરસાદ પડી શકે છે. અમદાવાદમાં આજે બપોરે ૧ વાગ્યા સુધી મણિનગરમાં સૌથી વધુ ૧.૭૭ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે રખિયાલમાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ સિવાય પાલડી, ઉસ્માનપુરામાં પણ એકાદ ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાનું કોર્પોરેશનના કંટ્રોલ રુમમાં નોંધાયું છે.આજે સૌથી વધુ વરસાદ પૂર્વ અમદાવાદમાં તેમજ કોટ વિસ્તારમાં નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## હરિયાણાંમાં ખાણ માફિયાઓએ ડીએસપીને ડમ્પરથી કચડી નાખ્યા

**ડીએસપી ગેરકાયદેસર ખનન રોકવા પહોંચ્યા હતા : ડીએસપી ડમ્પરની આગળ ઊભા રહી ગયા હતા : ખાણ માફિયાઓના સાગરીતોએ તેમના પર ડમ્પર ચઢાવી દીધું**



નૂંહ, તા.૧૯

હરિયાણાના નૂંહ જિલ્લામાં આવેલા મેવાતમાં બેફામ બનેલા ખાણ માફિયાઓએ એક ડીએસપીની હત્યા કરી નાખી છે. ગેરકાયદેસર ખનન રોકવા માટે પહોંચેલા ડીએસપી સુરેન્દ્ર સિંહ બિશ્નોઈને ડમ્પર નીચે કચડી નાખીને તેમની હત્યા કરી નાખવામાં આવી છે. ડીએસપી સુરેન્દ્ર સિંહને બાતમી મળી હતી કે અરાવલી હિલ્સ પાસે ખાણ માફિયાઓ ગેરકાયદે ખનન કરી રહ્યા છે. બાતમી મળતા જ તેઓ પોલીસની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા.

પ્રાપ્ત જાણકારી મુજબ, તેમની નજર પથ્થરથી ભરેલા એક ડમ્પર પર પડી હતી. તેઓએ આ ડમ્પર ચાલકને રોકવા માટે ઈશારો કર્યો હતો, પરંતુ ડમ્પર ચાલકે ડમ્પરને દોડાવ્યું હતું. સુરેન્દ્ર સિંહે ડમ્પરનો પીછો કર્યો હતો. આ દરમિયાન ડમ્પર ચાલકે તેમની જીપ્સીને ટક્કર મારવાનો પ્રયાસ પણ કર્યો હતો. થોડા આગળ જઈને તેઓએ ડમ્પરને રોકી લીધું હતું. એ પછી ડીએસપી સુરેન્દ્ર સિંહ ડમ્પરની આગળ જઈને ઊભા રહી ગયા હતા. આ દરમિયાન ખાણ માફિયાઓના

● અનુસંધાન પાન-૭ પર

## નુપૂર શર્માની ધરપકડ પર સુપ્રીમની ૧૦ ઓગસ્ટ સુધી રોક

**વાંધાજનક નિવેદન આપવાના કેસમાં નુપૂરને રાહત : કુલ નવ ફરિયાદો દાખલ થઈ છે જેમાં એક દિલ્હીમાં, ૫ મહારાષ્ટ્રમાં, બે પ. બંગાળમાં અને એક તેલંગાણામાં નોંધાઈ**

નવી દિલ્હી , તા.૧૯

સુપ્રીમ કોર્ટે ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માને ધરપકડ સામે ૧૦ ઓગસ્ટ સુધી રક્ષણ આપ્યું છે. તેમની સામે મહમંદ પયગંબર વિરુદ્ધ વાંધાજનક નિવેદન આપવા બદલ અલગ-અલગ રાજ્યોમાં કેસ નોંધાયા છે. નૂપુર શર્માએ આ મામલે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી, જેના પર આજે સુનાવણી કરતા કોર્ટે નૂપુર શર્માને ધરપકડ સામે રક્ષણ આપ્યું હતું. આ મામલે વધુ સુનાવણી હવે ૧૦ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. કોર્ટે વિવાદિત નિવેદન બદલ તેમની સામે હવે પછી નોંધાનારી કોઈ ફરિયાદમાં પણ ધરપકડ ન કરવા જણાવ્યું છે.

નૂપુર શર્મા સામે કુલ નવ ફરિયાદો દાખલ થઈ છે જેમાં એક દિલ્હીમાં, પાંચ મહારાષ્ટ્રમાં, બે પશ્ચિમ બંગાળમાં અને એક તેલંગાણામાં નોંધાઈ છે. નૂપુર શર્માએ આ તમામ ફરિયાદમાં અલગ-અલગ તપાસ કરવાને બદલે તેમને એક કરી દેવા પણ કોર્ટમાં અપીલ કરાઈ હતી. તેમના વતી કોર્ટમાં હાજર રહેલા સિનિયર એડવોકેટ મનિન્દર સિંહે જણાવ્યું હતું કે, ૧ જુલાઈના ઓર્ડરમાં કોર્ટે આ અંગે શર્માને સંલગ્ન હાઈકોર્ટમાં જવા કહ્યું છે.

નૂપુર શર્મા સામે જે રાજ્યોમાં ફરિયાદ નોંધાઈ છે તે રાજ્યોની કોર્ટમાં તેઓ રાહત મેળવવા જાય તે યોગ્ય નથી તેવું નોંધતા જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેન્ચે કેન્દ્ર અને જે રાજ્યોમાં તેમની સામે ફરિયાદ નોંધાઈ છે તેમને આ મામલે નોટિસ મોકલીને ૧૦ ઓગસ્ટ સુધીમાં તેમનો જવાબ માગ્યો છે.

## શિંદે શિવસેનાના મુખ્ય નેતા, અધ્યક્ષપદે ઉદ્ધવ યથાવત

**શિંદેએ શિવસેનાજૂની રાષ્ટ્રીય કાર્યકારી ભંગ કરી : નવી કાર્યકારીમાં દીપર કેસરકર પાર્ટીના પ્રવક્તા નિયુક્ત**

મુંબઈ, તા.૧૯





મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સોમવારે પોતાના સમર્થક ધારાસભ્યો સાથે બેઠક કરી, જેમાં શિવસેનાની જૂની રાષ્ટ્રીય કાર્યકારી ભંગ કરીને નવી કાર્યકારી જાહેર કરવામાં આવી. નવી કાર્યકારીએ એકનાથ શિંદેને શિવસેનાના મુખ્ય નેતા પસંદ કર્યા, પરંતુ મહત્વની વાત એ રહી કે પાર્ટી અધ્યક્ષ તરીકે ઉદ્ધવ ઠાકરેની માન્યતા યથાવત રાખવામાં આવી.

શિવસેનાની નવી કાર્યકારીમાં દીપર કેસરકરને પાર્ટીના પ્રવક્તા નિયુક્ત કરાયા. જ્યારે રામદાસ કદમ અને આનંદરાવ અડસુલને નેતા પસંદ કરાયા.

યશવંત જાધવ, ગુલાબરાવ પાટીલ, ઉદય સામંત, શરદ પોંકશે, તાનાજી સાવંત, વિજય નાહટા, શિવાજીરાવ અધરાવ પાટીલને ઉપનેતા પસંદ કરાયા છે.

બેઠકમાં શિવસેના નેતૃત્વ વિરુદ્ધ એકનાથ શિંદે જૂથના વિદ્રોહ દરમિયાન ઉદ્ધવ ઠાકરેને પોતાનુ સમર્થન આપનારા ૧૪ ધારાસભ્યોએ પણ પાર્ટીના કાર્યકારી સભ્યોની નિયુક્તિના પ્રસ્તાવોને અપનાવ્યા. ઉદ્ધવ ઠાકરેએ મુંબઈ, પાલઘર, યવતમાલ, અમરાવતી સહિત અન્ય જિલ્લામાં ૧૦૦થી વધારે નવા પદાધિકારીઓની નિયુક્તિ કરી હતી. તેમના આ નિર્ણય બાદ શિંદે જૂથની બેઠક થઈ અને ઉપરના તમામ નિર્ણય લેવામાં આવ્યા.

## નુપૂર શર્માનો વીડિયો જોઈ રહેલા યુવક પર ચપ્પાથી પ્રહાર

નવી દિલ્હી,તા.૧૯

નુપૂર શર્માનો વીડિયો જોવા પર જીવલેણ હુમલો કરવાની ઘટના સામે આવી છે. હુમલામાં ઈજાગ્રસ્ત યુવકની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે. તેને ડીએમસીએચ હોસ્પિટલમા આઈસીયૂમાં દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જ્યારે બે આરોપી ફરાર છે. પોલીસે આ ઘટનાને અંદરુની વિવાદ બતાવી રહી છે. જેના કારણે પોલીસની ભૂમિકા ઉપર પણ સવાલ ઉભા થઈ રહ્યા છે. અંકિતના પિતા મનોજ ઝા ના મતે તેમનો પુત્ર પાનની દુકાને પાન ખાવા ગયો હતો. આ દરિયાન તે મોબાઈલ પર નૂપુર શર્માનો વીડિયો જોઈ રહ્યો હતો. તે સમયે ત્યાં મોહમ્મદ બિલાલ પોતાના ત્રણ સાથીઓ સાથે આવ્યો હતો. અંકિતને નુપૂર શર્માનો વીડિયો જોતો જોઈને મોહમ્મદ બિલાલ ગુસ્સે ભરાયો હતો. આરોપીએ અંકિતના ચહેરા પર સિગરેટનો ધુમાડો ઉડાડ્યો હતો અને ગાળો આપવાની શરુ કરી હતી.

## ભારત-ચીન બોર્ડર પર કામ કરતા ૧૮ મજૂરો લાપતા

**અરૂણાચલ પ્રદેશમાં મોટી દુર્ઘટના : એક મજૂરનું મોત : એવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે, આ મજૂરોની કુમી નદીમાં ડૂબી જવાથી મોત થયા છે**

ઈટાનગર, તા.૧૯

અરૂણાચલ પ્રદેશમાંથી મોટી દુર્ઘટના બની છે. ભારત-ચીન બોર્ડર પર કામ કરતા મજૂરોના સમૂહના ૧૮ લોકો લાપતા છે અને ૧ મજૂરનું મોત થઈ ચૂક્યું છે. આ મજૂર એક અઠવાડિયાથી ગુમ હતો. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આ મજૂરોની કુમી નદીમાં ડૂબી જવાથી મોત થયા છે.

આ મજૂરો ચીનની સરહદ પાસે માર્ગ નિર્માણનું કામ કરી રહ્યા હતા અને ઈદના અવસર પર તેઓ પોતાના ઘરે આસામ જવા માગતા હતા. મજૂરોએ કોન્ટ્રાક્ટર પાસે ઘરે જવા માટે રજા માગી હતી પરંતુ જ્યારે માગ સ્વીકારવામાં ન આવી ત્યારે તેઓ બધા પગપાળા આસામ જવા રવાના થઈ ગયા હતા. આ જ માર્ગે મજૂરો સાથે આ અકસ્માત થયો હતો. અહેવાલ પ્રમાણે આ બધા મજૂરોને બીઆરઓ દ્વારા માર્ગ નિર્માણના કામ માટે અરૂણાચલ લાવવામાં આવ્યા હતા. ઈદના પ્રસંગે તેઓ પોતાના ઘર જવા માગતા હતા. કોન્ટ્રાક્ટર પાસે મજૂરોએ ઘરે જવા માટે રજા માગી પરંતુ જ્યારે કોન્ટ્રાક્ટરે રજા ન આપી ત્યારે આ બધા મજૂરો પગપાળા આસામ જવા માટે રવાના થઈ ગયા હતા. આ મજૂરો અરુણાચલના કુરુંગ કુમે જિલ્લાના જંગલોમાં ખોવાઈ ગયા હતા.

## રૂપિયો ઈતિહાસમાં પ્રથમવાર ૮૦ને પાર

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય શેરબજારોમાં ભારે ઊથલપાથલ અટકી છે ઈન્ડેક્સ સ્ટેબલ થયા છે પરંતુ ડેટ માર્કેટની મંદી અને ક્રૂડની ભારે અફરાતફરી રૂપિયા પર દબાણ સર્જી રહી છે.

ભારતીય રૂપિયો મંગળવારના સત્રમાં ઈતિહાસમાં પ્રથમ વખત ૮૦ને પાર નીકળ્યો છે.

ભારતીય ચલણ સોમવારના બંધ ભાવ ૭૯.૯૭ની સામે આજે ૭૯.૯૮ પર ખુલ્યો હતો અને શરૂઆતી મિનિટોમાં જ રૂપિયો ૮૦ને પાર નીકળ્યો છે.

ક્રૂડમાં ગઈકાલે જોવા મળેલ ધમાલને કારણે આજે રૂપિયામાં નબળાઈ જોવા મળી રહી છે.

## દિલ્હીમાં પીયુસી ન હોય તો વાહન માલિકને જેલ અને દંડ થશે

**દેશના પાટનગરમાં પ્રદૂષણ ઘટાડવા મહત્વનો નિર્ણય : દિલ્હી સરકારે એવા લોકોને નોટિસ મોકલવાનું શરૂ કરી દીધું**

નવી દિલ્હી, તા.૧૯

રાજધાની દિલ્હીમાં વાહનોથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે સરકારે એક મહત્વનો નિર્ણય કર્યો છે. દિલ્હી સરકારે એવા વાહન માલિકો સામે આકરી કાર્યવાહી કરવાની તૈયારી દર્શાવી છે જેમની પાસે પોતાના વાહનનું પોલ્યૂશન સર્ટિફિકેટ નથી. આવા લોકોને ૬ મહિનાની જેલ, ૧૦ હજારનો દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

દિલ્હી સરકારે એવા લોકોને નોટિસ મોકલવાનું શરૂ કરી દીધું છે જેમની પાસે પોતાના વાહનોનું પોલ્યૂશન સર્ટિફિકેટ નથી. નોટિસમાં વાહન માલિકોને પોલ્યુશન સર્ટિફિકેટ બનાવી લેવા અથવા દંડ ભરવા માટે કહેવામાં આવ્યું છે.

**ચાલો સોમનાથ**

સંસ્કૃતિ મહિલા પરિવારે શુભ શ્રાવણ માસમાં સોમનાથ, દિવ, વીરપુર, કાગવડનો પ્રવાસ તા.૨ અને ૩ ઓગસ્ટે યોજેલ છે તો જે બહેનોને આવવું હોય તેમણે સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા

પ્રતિભાબેન દવે ૯૧૦૬૮ ૨૮૨૦૯
દેવીબેન શુક્લ ૬૩૫૫૫ ૧૪૬૮૪
અલ્પાબેન ગોર ૯૪૦૮૦ ૫૮૪૦૧
રાજશ્રીબેન ગાંધી ૯૦૨૩૦ ૩૫૦૧૯
જીજ્ઞા શાહ ૯૧૭૩૪ ૬૬૫૨૨




